# શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો પાર્કીંગ પ્લેસ પર આડેધડ વાહનોનો ખડકલો

**દિવાળીના પર્વને અનુલક્ષી નગરમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો : મુખ્યમાર્ગો પર પીક અવર્સમાં ઠેર ઠેર ટ્રાફિક જામ : કોર્મશિયલ વિસ્તારમાં આડેધડ પાર્કીંગના લીધે મુલાકાતીઓને મુંઝવણ**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં દિવાળીના પર્વ દરમિયાન મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. દિવાળી પર્વને આડે હવે થોડા દિવસો જ બાકી છે ત્યારે નગરના માર્ગો પર ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. પીક અવર્સ દરમિયાન મુખ્ય ઘ અને ચ માર્ગ પર ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. બીજીતરફ નગરના શોપિંગ બજાર સહીત સે-૧૧, સે-૨૧ અને સે-૧૬ ના કોર્મશિયલ વિસ્તારમાં ખાડે ગયેલી પાર્કીંગ વ્યવસ્થા આમ નાગરિકો માટે શિરદર્દ બની છે. દબાણોની ભરમાર વચ્ચે સાંકડા સર્વિસ રોડ પર આડેધડ વાહનોનો ખડકલો કરી દેવામાં આવતા ટ્રાફિક માટે અડચણો ઉભી થઈ છે માર્ગ સલામતી પણ જોખમાઈ છે.



શહેરમા છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. છેલ્લા એક દાયકાથી વાહનોની સંખ્યા વધી છે. ત્યારે મુખ્યમાર્ગો પર પીક અવર્સમા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ પણ જબુકતા થયા બાદ ગતિ નિયંત્રણનો અભાવ વર્તાય છે જેના લીધે માર્ગ સલામતીના પરિબળો સંદર્ભે પણ અસરકારક પગલા લેવાયા નથી હાલના દિવસોમાં દિવાળી પર્વને અનુલક્ષી શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. સવારે અને સાંજના સમયે મુખ્ય ઘ અને ચ માર્ગ સતત ટ્રાફિકથી ધમધમતા જોવા મળે છે. જયારે પીક અવર્સ દરમિયાન મુખ્યમાર્ગો પર ક્રોસ પોઈન્ટ નજીક ટ્રાફિક જામ થતા વાહનચાલકો અટવાય છે. શહેરના મુખ્યમાર્ગ પર અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જેના લીધે આમ પણ ટ્રાફિકનુ પ્રમાણ વધુ રહે છે. દિવાળી પર્વમાં શોપિંગ બજારમાં પણ ભીડ ઉમટી છે. શહેરમાં વિવિધ માર્ગો પર વધતા ટ્રાફિક વચ્ચે કોર્મશિયલ ઝોનમાં પાર્કીંગનો પ્રશ્ન પણ વધુ પેચીદો બન્યો છે. શહેરના સે-૧૬, સે-૧૧ અને સે-૨૧ સહીતના વિસ્તારમાં વાહન પાર્કીંગની સમસ્યા વધુ

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદોના નિરાકરણ માટે બકેટ રીક્ષા કામે લાગી

**સાંકડી શેરીઓમાં રીક્ષા પ્રવેશી ઝડપથી અને સરળતાથી લાઇનની સફાઇ થઇ શકે છે : શહેરમાં રોબોર્ટ મશીન ન જાય તેવા ઠેકાણે મિકેનિકલ રીક્ષાના આધારે સફાઇ થાય છે : હાલ શહેરમાં ૫ રીક્ષા કાર્યરત છે**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં ગટર લાઈનની સફાઈનો પ્રશ્ન પેચીદો બન્યો છે. એકબાજુ નવી લાઈન નાંખવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે જયારે હાલ સેકટરોમાં ફરિયાદોનુ નિરાકરણ લાવવા માટે રોબોર્ટ મસીન અને મિકેનિકલ રીક્ષા કામે લગાડવામાં આવી છે. સેકટરોમાં જયાં રોબોર્ટ મશીન જઇ ન શકે તેવા સંજોગોમાં બકેટ રીક્ષા કામે લાગે છે જેના લીધે ગટર લાઈનની ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવે છે. શહેરમાં હાલ ૫ રીક્ષાઓના આધારે લાઈનની સફાઇ કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં વારંવાર ગટર લાઈન ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ગટરના દુષિત પાણી રહેણાંક વિસ્તારમાં ફરી વળતા સ્થાનિકોમાં આક્રોશ જોવા મળે છે. જો કે ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે જયારે જુની અને સાંકડી લાઇનમાં રહેવાસીઓ દ્વારા પણ કચરો ઠાલવવામાં આવતો હોવાના લીધી લાઈન ચોક અપ થવાની સમસ્યા વધી છે. એકબાજુ તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવા માટે આયોજન કરાયુ છે જેના અંતે કરોડો રૂપિયાના ખર્ચ નવી લાઈન નાંખવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરાશે. ગટર લાઈનની સફાઈ માટે સફાઈ કામદારોને અંદર ઉતારવાની મનાઈ છે. બીજીતરફ અત્યાર સુધી અપુરતા મેન પાવર અને મશીનરી વચ્ચે કામ કરતા તંત્ર માટે લાઈનની સફાઈ કરવાનુ કામ વધુ મુશ્કેલ બન્યુ હતુ. જો કે હવે ગટર લાઈનની સફાઈ માટે રોબોર્ટ મશીન, સુપર સકર મશીન તેમજ બકેટ રીક્ષા પણ દોડવાય છે. જેના આધારે ગટર લાઈનની સફાઈ કરવાનુ કામ વધુ સરળ અને ઝડપી બન્યુ છે. શહેરના સેકટરોમાં લાઈન ચોક અપ થઈ ગઈ હોય તેવા કીસ્સામાં તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી સફાઈ કરવા



માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ટુંકમાં નવી લાઇન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવશે જયારે તેને અનુલક્ષીને પણ નવી ટેકનિક

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતી વેરાની વસુલાત સઘન કરવા સાથે મહેસુલી વેરાની વસુલાત માટે રોડમેપ બનાવો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં પંચાયત વેરાઓની વસુલાત સઘન બનાવવાની સાથે સાથે મહેસુલી વેરાઓની વસુલી માટે પણ આયોજનબદ્ધ રીતે આગળ વધવા માટે તાલુકા વિકાસ અધિકારીઓને આજે જરૂરી સૂચનાઓ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આપી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓની આજે યોજાયેલી સમીક્ષા બેઠકમાં તેમણે સ્વચ્છતા મિશન અંતર્ગત પણ કાર્યવાહી સઘન અને ઝડપી કરવા પર ભાર મુક્યો હતો. ''ક્લીન ઈન્ડિયા'' પ્રોજેક્ટ અંતર્ગત કરવાની થતી ડેટા એન્ટ્રી પણ સમયસર થાય તે જોવા જણાવ્યુ હતુ.

બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ સમીક્ષા બેઠક દરમ્યાન આંગણવાડીના જે કામો બાકી છે તે ઝડપથી હાથ પર લેવા માટે તેમણે બાંધકામ વિભાગને જણાવ્યુ હતુ. તાલુકા વિકાસ અધિકારીઓને પણ આ કામનું મોનીટરીંગ કરી અને સમય મર્યાદામાં આ કામો પૂર્ણ થાય તે જોવા આગ્રહ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયત વેરાની વસુલાત સઘન બનાવવાની સાથે સાથે મહેસુલી વેરાઓની વસુલી માટે રોડ મેપ તૈયાર કરી અને આયોજન સાથે

● અનુસંધાન પાન-૭ પર

# દિવસે ગરમીનો પ્રકોપ અને રાત્રિના સમયે ઠંડુગાર વાતાવરણ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં દિવસની ગરમીમાં ૩૧મી ઓક્ટો. સુધી ઘટાડો થવાના કોઈ સંકેત નથી બીજી તરફ રાત્રિનું તાપમાન ઘટતુ જોવા મળશે.

દાંતીવાડા કૃષિ યનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૯૦માં આ પૂર્વાનુમાનમાં જણાવ્યુ છે.

૨૭મી ઓક્ટો.થી ૩૧ ઓક્ટો. સુધીના કરાયેલા પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે આકાશ અંતશઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૩-૩૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૮-૨૦ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૧૯ થી ૫૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૭ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત ખરીફ પાક પછી ટેસ્ટીંગ કરાવી લેવા જણાવવામાં આવ્ય છે. આ ઉપરાંત રવિ સીઝનમાં ચણા, રાઈ, બટાટા, વરિયાળી, ઘઉં જેવા પાકોની વાવણી માટેનું આયોજન કરવાની સલાહ આપવામાં આવી છે.

જિલ્લામાં આ વખતે ચોમાસામાં વરસાદની ઘટ ૨૯ ટકા રહી છે. રવિ સીઝનની વાવણી પણ હજુ શરૂ થઈ નથી. ચોમાસાની મોડી વિદાયને કારણે આ વખતે વાવણી હવે દિપાવલી પર્વ પછી થશે તેમ મનાઈ રહ્યુ છે. ખેડૂતો હાલ ખરીફ પાકના ઉત્પાદનોની કાપણી કરી અને બજારમાં લઈ જવામાં વ્યસ્ત બન્યા છે પણ મગફળીના ભાવ જોઈએ તેટલા નથી તેથી થોડીક આવક યાર્ડોમાં ઓછી છે. જો કે કપાસની આવક સારી થઈ રહી છે.

# અસરગ્રસ્ત ખેડૂતોના મકાન વેચાણ અંગે પ્રિમીયમના ભાવ તફાવત જ વસુલો

ગાંધીનગર, તા. ૨૭

સે. ૨૬ કિસાનનગરમાં અસરગ્રસ્ત ખેડૂતોને રાહતદરે મળેલ પ્લોટ ઉપર થયેલ બાંધકામ સહિતના મકાનના વેચાણ વખતે ભરવાના થતા પ્રિમીયમના ભાવ તફાવતની રકમની ગેરવ્યાજબી માંગણી અંગે વડાપ્રધાન મોદીને એક પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર મનપાના પૂર્વ કાઉન્સીલર જાગૃતિબેન પુરોહિતે આ અંગે એક વિસ્તૃત પત્ર વડાપ્રધાનને લખ્યો છે. તેમણે આ પત્રમાં અસરગ્રસ્ત ખેડૂત દ્વારા બાંધકામ સહિતના મકાનનું વેચાણ કરે તો કોઈપણ પ્રિમીયમ વગર ખેડૂત મકાન વેચી શકે છે તેવી પરિપત્રમાં કરેલી જોગવાઈનો ઉલ્લેખ કરી હાલ આ વિસ્તારના રહીશોને આ બાબતે પડી રહેલી હાલાકી અંગે જણાવ્યુ છે. તેમણે તેમના અંતિમ ભાગમાં ૨૦૦૯-૧૦માં આપેલ નોટીસોમાં દર્શાવેલ મૂળ રકમ મુજબ પ્રિમીયમના ભાવ તફાવતની રકમ જ ભરવા અંગેનો એક સરકારી પરિપત્ર કરવામાં આવે તેવી માંગ કરી રાજય સરકારને આ અંગે જરૂરી સૂચના આપવા જણાવ્યુ છે.

# ગાંધીનગર ડેપો દ્વારા દિવાળીના પર્વે ૧ લીથી વધારાની ૩૦ બસો દોડવાશે

**સૌરાષ્ટ્ર , દક્ષિણ ગુજરાત , ગોધરા અને બરોડાના રૂટમાં વધારાની બસો દોડવાશે : આ રૂટમાં વિશેષ ટ્રાફિક રહેતો હોવાથી ડેપો કક્ષાએથી આયોજન**

ગાંધીનગર તા ૨૭

કોરોના કાળમાં છેલ્લા ત્રણ મહીનાથી એસ ટી બસના પૈડા માંડ ટ્રેક પર દોડતા થયા છે. જયારે કપરા કાળમાં એસ ટી નિગમે પણ આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જો કે છેલ્લા બે મહીનાથી એસ ટી ની સલામત સવારીમાં ટ્રાફિક વધ્યો છે. જેને અનુલક્ષી બસોનુ પણ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવાળી પર્વને અનુલક્ષી તા ૧ નવેમ્બરથી સૌરાષ્ટ્ર , દક્ષિણ ગુજરાત, ગોધરા , દાહોદ અને બરોડા સહીતના રૂટમાં વધારાની બસો દોડાવામાં આવશે. ગાંધીનગર ડેપો કક્ષાએથી પ્રતિદિન ૩૦ જેટલી વધારાની બસો દોડવાશે.

દિવાળીના પર્વેને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા દરવર્ષે મુસાફરોને અગવડતા ન પડે તે માટે વિવિધ રૂટમાં વધારાની બસો દોડાવામાં આવે છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી પણ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને વિવિધ યોજના હાથ ધરવામાં આવી છે. જેમાં ૫૧ મુસાફરો થાય એટલે નાગરિકોના ઘર સુધી બસ સેવા પુરી પાડવામાં આવે છે. જયારે આ યોજનાનો સોસાયટીના રહીશો તેમજ પરિવારજનો વિશેષ લાભ લઈરહ્યા છે. જયારે આગામી દિવાળી પર્વેને અનુલક્ષી ગાંધીનગર ડેપો દ્વારા તા ૧ નવેમ્બરથી વિવિધ રૂટમાં વધારાની બસો દોડાવામાં આવશે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત દાહોદ , ગોધરા, વડોદરા સહીતના રૂટમાં વધારાની બસો દોડશે જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## ટેલીફોનિક બેસણું




અમારા ભાઈ પંકજભાઈ ગાંધીનું તા. ૨૭/૧૦/૨૦૨૧ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સદ્દગતનું ટેલીફોનીક બેસણું ૨૯/૧૦/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન રાખેલ છે.

લિ.

શોભનાબેન ગાંધી (પત્ની) મો. ૯૪૦૮૨ ૭૬૪૨૪

સંજય ગાંધી (ભાઈ) મો. ૯૪૨૭૩ ૦૭૮૩૩



પ્રકૃતિ પાસે આહ્લાદક સુંદરતાનો ભરપૂર ખજાનો છે અને તે પણ દરેક સમય અને ઋતુ અનુસાર અઢળક વૈવિધ્ય ધરાવે છે. અત્યારે શિયાળાના આગમન પૂર્વેની મૌસમમાં વહેલી પરોઢે પાટનગરની પ્રકૃતિ મનને શીતળતા આપે તેવા અનોખા સૌંદર્યનું દર્શન કરાવી રહી છે જેને માણવા મીઠી નિંદરને ત્યાગીને વહેલાં ઉઠવાનો ઉપક્રમ કરવો પડે.

# દિવાળી પહેલા ખાદ્યતેલની કિંમતમાં ૧૦ રૂપિયાનો સામાન્ય ઘટાડો

અમદાવાદ, તા.૨૭

ગુજરાત સહિત સમગ્ર દેશમાં હાલ પેટ્રોલ અને ડિઝલની કિંમતને જાણે હોળી સળગાવી છે. નાગરિકોના ખીચ્ચા પર પેટ્રોલનાં નામે ખાતર પાડવામાં આવી રહ્યું છે. પેટ્રોલનો ભાવ આજે અમદાવાદમાં ૧૦૪ ની આસપાસ ચાલી રહ્યો છે. રોજબરોજ રીતે પેટ્રોલની કિંમતમાં ૦.૧૦ પૈસાથી માંડીને ૦.૫૦ પૈસા સુધીનો વધારો થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ ડિઝલના ભાવ ઓછા હોય તેમ ખાદ્યતેલની કિંમતોમાં પણ ભારે વધારો થઈ રહ્યો છે. ખાદ્યતેલની કિંમતોમાં ભડકો થયો છે. ખાદ્યતેલની કિંમતોમાં મગફળી અને કપાસના ઓછા ઉત્પાદનના કારણે ખાદ્યતેલની કિંમતોમાં ભારે વધારો થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કપાસીયા તેલમાં કપાસિયા જ્યારે સિંગતેલમાં ભાવ વધારાના કારણે સામાન્ય માણસ માટે પડતા પર પાટુ જેવી સ્થિતિ થઈ છે. જેના કારણે હાલ તો ગૃહીણીનું બજેટ સંપુર્ણ રીતે ખોરવાઈ ગયું છે. સામાન્ય માણસ માટે મહિનો પુરો કરવા માટે એક સાંધો ત્યાં તેર તુટે તેવી થઈ છે.

# ગુડાના કાર્યક્ષેત્રનો વ્યાપ વધશે : ૬૦ ગામો સમાવિષ્ટ કરવા માટે વિચારણા

**અગાઉ કોર્પોરેશનમાં ૧૮ ગામોનો સમાવેશ થતા ગુડાનુ કાર્યક્ષેત્ર સમિત બન્યુ હતુ જયારે હવે ગુડા વિસ્તારનો વ્યાપ વધારવા તરફ ધ્યાન કેન્દ્રીત કરાયુ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકના હદ વિસ્તરણ બાદ ગુડા હેઠળના ૧૮ ગામો કોર્પોરેશનમાં સમાવિષ્ટ થતા આ અંગેનો રેવન્યુ રેકર્ડ પણ મહાનગરપાલિકાને સોંપી દેવાયો છે. જયારે આગામી દિવસોમાં નવેસરથી થનારા હદ વિસ્તરણમાં કલોલ, ગાંધીનગર દહેગામ અને માણસા તાલુકાના કુલ ૬૦ જેટલા ગામો ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તરણના અંતે ગુડાના ૧૮ જેટલા ગામોનો કોર્પોરેશન વિસ્તારમાં સમાવેશ કરી દેવાયો છે. જેના લીધે ગુડા હસ્તકનુ કાર્યક્ષેત્ર પણ નામનુ જ રહી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આ સ્થિતિને અનુલક્ષી સરકાર દ્વારા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનુ હદ વિસ્તરણ કરવા માટે ચક્રો ગતિમાન થયા છે. ગુડાના અધિકારીઓ પણ આ મામલે આગળ પ્રક્રીયા શરૂ કરે તે માટે પણ નિર્દેશો આપી દેવાયા છે. ગુડાની વિવિધ વિકાસ યોજના અને ટાઉન પ્લાનીંગ સ્કીમોના અંતે આ વિસ્તારમાં વિકાસની ગતિવિધિ તેજ બની છે. ગુડાના વિવિધ ૨૮ જેટલા ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાના હદ વિસ્તરણ પુર્વે પણ ૪૦ જેટલી નવી ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવામાં આવી હતી. જો કે હવે કામ મહાનગરપાલિકા હસ્તક છે. અગાઉના વર્ષોમાં પણ ગુડાનો વહીવટ સિમિત હતો પરંતુ કલોલના ૩૮, સહીત દહેગામ તાલુકાના ગામો ઔડાની હદમાં સમાવિષ્ટ કરાયા હતા.

પરંતુ ઔડાની કચેરી દુર હોવાથી આ ગામોને ગુડામાં સમાવિષ્ટ કરવામાં આવે તો વહીવટ અને વિકાસ કામોમાં ઝડપ આવે તેમ છે. ગુડાની જેમ ઔડાની હદનુ પણ વિસ્તરણ કરવામાં આવશે ત્યારે હદ વિસ્તરણના નવા આયોજન અન્વયે કલોલ તાલુકાના ૩૫, ગાંધીનગરના ૨૫ દહેગામ તાલુકાના ૧૦ અને માણસા તાલુકાના ૫ જેટલા ગામો ગુડામાં સમાવવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. ગુડાના ૧૮ ગામોનુ રેવન્ય રેકર્ડ પણ શહેરી વિકાસ સત્તા મંડળે મહાનગરપાલિકાને સુપ્રત કરી દીધુ છે. જેને અનુલક્ષી આગળ વિકાસ કામગીરી મનપા કરશે.

# શહેરના જાણીતા સિવિલ એન્જિનિયર પંકજ ગાંધીનું દુઃખદ નિધન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેક્ટર-૪માં રહેતા અને માર્ગ-મકાન વિભાગમાં એન્જિનિયર તરીકે સેવાઓ આપી ચુકેલા શહેરના અગ્રણી પંકજભાઈ ગાંધીનું આજે સવારે કિડનીની બિમારીના કારણે દુઃખદ નિધન થવા પામ્યું છે. તેઓ બે-એક માસથી કિડનીની બિમારીથી પીડાઈ રહ્યા હતા. આઈઆઈડીમાંથી સિવિલ એન્જિનિયરીંગ કરનાર પંકજભાઈ ગાંધીએ માર્ગ અને મકાન વિભાગમાં સેવાઓ દરમિયાન રાજ્યના અનેક ઓવરબ્રિજ ડીઝાઈન કર્યા છે. સતત હસતા - હસાવતા લાઈવ પર્સનાલીટી જેવા પંકજભાઈ સાહિત્યના ખૂબ સારા ભાવક હતા અને ગાંધીનગર સાહિત્ય સભા સાથે સંકળાયેલા હતા. તેમના નિધનથી શહેરના સાહિત્ય વર્તુળમાં આઘાતની લાગણી પ્રવર્તવા પામી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com